
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આજ તમારા માટે ઠંડી બાસુંદી બનાવી છે તેનાથી તમને કફ થાય છે ને...?? મે આજે જ વાંચ્યું કે ઓમિક્રોનમાં સુકી ખાસી બીલકુલ ન થવી જોઈએ...!!

# મમતા આઈએએસ સેન્ટરના આઠ વિદ્યાર્થીઓનું જીપીએસસી કલાસ ૧-૨માં સિલેકશન



ગાંધીનગર, તા.૨૭

તાજેતરમાં જીપીએસસી કલાસ-૧ અને ૨ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં કલાસ-૧ની ૮૧ અને કલાસ-૨ની ૧૪૩ જગ્યાઓ હતી. જેના માટે રાજયના અંદાજિત ૨ લાખ ઉમેદવારોએ પ્રિલીમ પરીક્ષા આપી હતી. જે પૈકી અંદાજિત ૬૭૯૭ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા આપી હતી અને ૯૩૭ ઉમેદવારો ફાઈનલ ઈન્ટરવ્યુ માટે લાયક ઠેરવવામાં આવ્યા હતા.

આ ઉમેદવારોમાં ગાંધીનગરમાં કડી કેમ્પસ ખાતે ચાલી રહેલા મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના ૪૦ ઉમેદવારોએ ઈન્ટરવ્યુ આપ્યા હતા. જે પૈકી ૮ વિદ્યાર્થીઓ અંતિમ યાદીમાં પસંદગી પામ્યા છે. વર્ગ-૧માં કુલ ૩ ઉમેદવાર પૈકી ૧ ઉમેદવાર નિકુંજ પટેલ-નાયબ કલેકટર, હર્ષ ઠાકર-નાયબ કમિશનર રાજય વેરા, અક્ષય ઝરે-મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસ, વર્ગ-૨માં ૫ ઉમેદવારો પૈકી મનસ્વી કથીરિયાને નિર્મલ કાપડીયા શ્રમ અધિકારી, ભૂમિકા પટેલ તાલુકા વિકાસ અધિકારી, પ્રતિક રાવ અને હર્ષલ વણિક-જિલ્લા નિરીક્ષક લેન્ડ રેકોર્ડ તરીકે પસંદગી થઈ છે. આ દરેક સફળ ઉમેદવારોને સંસ્થા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. યુવા ઉમેદવારોની પસંદગી સાથે સમગ્ર કડી કેમ્પસમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે મહિલા બાળ વિકાસ સમિતિની બેઠક મળી હતી.
- કોબામાં આયુર્વેદના મેગા કેમ્પની ઉદ્ઘાટન વિધિ બાદ શહેર પ્રમુખ અને મનપાના મેયર, ડે. મેયર તેમજ સ્થાયી સમિતિના ચેરમેન સાથે બંધ બારણે બેઠક કરી હતી.
- સ્વાસ્થ્યની સેવાઓ પુરી પાડવામાં ગુજરાતે તેનો ૬ઠ્ઠો ક્રમ જાળવી રાખ્યો છે.
- શ્રી અમદાવાદ-કડી-વિજાપુર પરગણા શ્રીમાળી સોની ઉત્તેજક મંડળના પ્રમુખ તરીકે રાજુભાઈ (કુકરવાડા), ઉપપ્રમુખ તરીકે સુરેશભાઈ (ચરાડા), મહામંત્રી તરીકે, વિનોદભાઈ (વી.ટી. સોની)ની વરણી કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં કોરોના વેક્સિનેશનના આજના ખાસ અભિયાન દરમ્યાન ૨૨૯૬ લોકોને આવરી લેવાયા હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાંચ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- આજે માણસા ખાતે કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સુશાસન સપ્તાહ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં લાભ અપાશે.
- કોબા ખાતે યોજાયેલ આયુર્વેદ શાખાના રોગ નિદાન કેમ્પમાં ૪૦૬ લાભાર્થીએ લાભ લીધો હતો.

# ગુજરાત સ્ટેટ વાડોકાઈ કરાટે સ્પર્ધામાં ૩૦ ગોલ્ડ મેડલ્સ સાથે ગાંધીનગરની ટીમ ચેમ્પિયન બની

ગાંધીનગર, તા.૨૭

વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાની ગુજરાત બ્રાન્ચ દ્વારા ગત ૨૬મી ડિસેમ્બરનાં રોજ રાજ્ય કક્ષાની વાડોકાઈ કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, આણંદ, સુરેન્દ્રનગર, ભાવનગર, જૂનાગઢ, બોટાદ, મહેસાણા અને પાટણ જિલ્લાનાં મળીને કુલ ૨૯૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર જિલ્લાના ૩૦ ખેલાડીઓ વિવિધ બેલ્ટ, વજન અને ઉંમરની કેટેગરીમાં ચેમ્પિયન બન્યા હતા. જ્યારે ૩૦ ખેલાડીઓ રનર અપ બન્યા હતા.

આયોજન સમિતિનાં અધ્યક્ષ શ્રી ગૌરાંગભાઈ રાણા તથા સ્પર્ધાનાં નિયામક શ્રી ચક્રબહાદુર દમાઈનાં માર્ગદર્શનમાં યોજાયેલી આ સ્પર્ધામાં પાંચ વર્ષથી માંડીને ત્રીસ વર્ષ સુધીનાં ખેલાડીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મહિલા ખેલાડીઓ માટેનાં સવારનાં સત્રમાં વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરવા માટે ફેડરેશનનાં રાષ્ટ્રીય અધ્યક્ષ શિહાન શ્રી અરવિંદભાઈ રાણા ઉપરાંત પૂર્વ અધિક સચિવ અને નોલેજ બ્રીજ એકેડેમીનાં વડા શ્રી અનિલભાઈ પટેલ, રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખ શ્રીમતી અમીબહેન શાહ, સેક્રેટરી શ્રી પાર્થભાઈ ઠક્કર, સ્થાપક પ્રમુખ શ્રી જગતભાઈ કારાણી, પૂર્વ પ્રમુખ શ્રી યુવરાજસિંહ વાઘેલા, રેડિયન્ટ સ્કુલના સંચાલક મંડળનાં પ્રમુખ શ્રી પ્રભુભાઈ વામજા, કેમ્પસ ડાયરેક્ટર અને આચાર્ય શ્રી જે. બી. વામજા, એકેડેમીક ડાયરેક્ટર શ્રી ધર્મેશભાઈ નાઈક સહિત રોટરી ક્લબનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

બપોર બાદનાં ભાઈઓ માટેની સ્પર્ધાના સત્રના અંતે વિજેતા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે સુરક્ષા સેતુ સોસાયટી, ગાંધીનગરનાં કો-ઓર્ડીનેટર શ્રી પી. સી. વલેરા, જીટીયુનાં ડાયરેકટર ડૉ. શૈલેષભાઈ પંચાલ, જાણિતા ઉદ્યોગપતિ શ્રી હિતેશભાઈ રોર ઉપસ્થિત રહ્યાં હતા. મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે ગાંધીનગરની વિજેતા ટીમ તથા તેમનાં કોચને ચેમ્પિયન ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

# માતાના અંતિમ સંસ્કાર પતાવીને ફરજ પર હાજર થનાર ૧૦૮ના પાયલોટનું સન્માન

### કોરોનાની બીજી લહેરમાં કોલ મળતાં અન્ય દર્દીની જેમ પોતાની માતાને લેવા એમ્બ્યુલન્સ લઇને ગયા હતાં

ગાંધીનગર તા.૨૭

કોરોના મહામારીની ઘાતક બીજી લહેર દરમિયાન અનેક કાળજુ કંપાવી દેતી ઘટનાઓ બની હતી. આ સમયે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના કર્મચારીઓએ પોતાનો જીવ જોખમમાં મુકીને પણ દિવસ-રાત ખડે પગે સેવાઓ આપી હતી જેમાં કેટલાંક કર્મચારીઓ અને તેમના પરિવારજનો કોરોનામાં સપડાયાં હતાં. ગાંધીનગર ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવામાં પાયલોટ તરીકે સેવા આપી રહેલા રાજેન્દ્રસિંહ સોઢા ઉર્ફે રાજભા પોતાની ફરજ ઉપર હાજર હતા ત્યારે તેમના પોતાના જ માતા બિમાર થયાં હોવાથી એમ્બ્યુલન્સ માટેનો કોલ મળતા તેઓ મળેલા કોલના આધારે તેમના પોતાની માતાને જ અન્ય દર્દીની જેમ લેવા ગયા હતા. જોકે સિવિલ હોસ્પિટલ પહોંચ્યા બાદ તેમની માતાને વધુ સારવારની જરૂર પડતાં વિવિધ રિપોર્ટ કરાવવા માટે લઈ જવા પડ્યા હતા. આ દરમિયાન તેમની




એમ્બ્યુલન્સમાં તેમના માતાને લઈ ગયા બાદ તેઓનું નિધન થયું હતું. જોકે તે સમયની પરિસ્થિતિ જોતા માતાના અંતિમ સંસ્કાર સંપન્ન થયાના બીજા જ દિવસે રાજભા પોતાની ફરજ ઉપર હાજર થઈ ગયા હતા. રાજેન્દ્ર સિંહ સોઢાની ફરજનિષ્ઠાને ધ્યાને લઈને તાજેતરમાં તેઓને કોરોના વોરિયર તરીકેનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.



ભારતીય જનતા પાર્ટી દ્વારા જામળા ખાતે પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રશિક્ષણ વર્ગમાં ગાંધીનગરના મેયર હિતેષભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

## એસ.કે. પટેલ સ્કૂલમાં ક્રિસમસ ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

એસ.કે. પટેલ કે.જી.ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ક્રિસમસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રેડ ડેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સ્કૂલના શિક્ષિકાઓ રેડ કલરના કપડા પહેરીને આવ્યા હતા. સ્કૂલના કર્મચારીએ શાંતાકલોઝ બનીને બાળકોનું મનોરંજન કરાવ્યુ હતું.

# શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો હતો. શ્રી વિશ્વકર્મા સમાજના સૌ વિદ્યાર્થીઓ કારકીર્દી ઘડીને પોતાના પરિવારનું તથા સમાજને ગૌરવ અપાવે એજ આજના સમયની તાતી જરૂરિયાત છે એમ સીવિલ હોસ્પિટલના તબીબ ડૉ. યોગેશ ગજ્જર દ્વારા જણાવાયું હતું. સમાજના પ્રમુખ બિપીનભાઈ ગજ્જરે સંસ્થા દ્વારા સંસ્થાની સામાજીક વિવિધ પ્રવૃત્તિઓ વિષે જાણકારી આપી હતી.

સંસ્થાના મંત્રી રસિકભાઈ ગજ્જર દ્વારા પણ સંસ્થાની સામાજીક તથા ધાર્મિક પ્રવૃત્તિઓની વિશેષ જાણકારી આપીને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સમાજ ઓડીટર ભરતભાઈ ગજ્જરે માર્ગદર્શન આપ્યું હતું. સંસ્થાના સલાહકાર આર.વી. સુથારે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તૈયારી અંગે જાણકારી આપવા સેમિનાર આયોજન કરવા માટેની જાણકારી આપી હતી.

આ પ્રસંગે નર્સરીથી લઈ ઉચ્ચ કારકીર્દી મેળવનાર ૧૨૧થી વધુ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે શ્રી વિશ્વકર્મા સેવા સમાજના મંત્રી રસિકભાઈ ગજ્જર, ઉપપ્રમુખ મિતેષભાઈ ગજ્જર, ખજાનચી હર્ષદભાઈ ગજ્જર, સહમંત્રી બિહારીભાઈ ગજ્જર, સંગઠન મંત્રી મુકેશભાઈ ગજ્જર, કારોબારી સભ્યો ડાહયાભાઈ ગજ્જર, જયેશભાઈ ગજ્જર, પંકજભાઈ સુથાર સહિત સલાહકારો, સમાજના શ્રેષ્ઠીઓ, આગેવાનો, પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લાના આજોલ, પાટનાકુવા અને વડોદરા ગામ ખાતે રૂપિયા ૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ પી.એચ.સી.નું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના આજોલ ગામ ખાતે સુશાસન સપ્તાહના તૃતીય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે જિલ્લાના આજોલ, વડોદરા અને પાટનાકુવા ગામે રૂપિયા ૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ પી.એચ.સી.નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આજોલ ગામ ખાતેથી આ પી.એચ.સી.નું લોકાર્પણ લોકસભાના સાંસદ હસમુખભાઈ પટેલ અને રાજયસભાના સાસંદ નરહરિભાઈ અમીનના હસ્તે કરવામાં આવ્યું હતું.

સુશાસન એટલે સમાજનો સર્વાંગી વિકાસ એવું કહી અમદાવાદ પૂર્વ લોકસભાના સંસદ સભ્ય હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું કે આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સુશાસનનું સ્વપ્ન જોયું છે. તેમનું સ્વપ્ન છે કે ભારતના નાગરિકો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સમૃધ્ધ બને. દેશ અને ગુજરાતનું હિત આપણા વડાપ્રધાનના હૈયે વસેલું છે. દરેક નાગરિકને ગુણવત્તાવાળું જીવન, તબીબી સેવાઓ અને શિક્ષણ મળે તે માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અનેક યોજના અમલી બનાવી છે. કોરોનાકાળમાં ગરીબ લોકોની ચિંતા આ સરકારે કરી હતી.

# આજે મનપાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે બેઠક મળશે.

ચેરમેન જસવંતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સ્થાયી સમિતિના સભાખંડમાં બપોરે ૧૧.૩૦ વાગે બેઠક મળશે.

સ્થાયી સમિતિની આ બેઠક માટે નવ મુદ્દાઓ એજન્ડામાં નિયત કરાયા છે. જેમાં મિલ્કત ટ્રાન્સફર માટેની અરજીઓ માટે ટ્રાન્સફર ફી નિયત કરવા બાબતે, મેન પાવર એજન્સીની મુદતમાં વધારો કરવા બાબત, ૨૧-૨૨ના લોકોપયોગી કામોને મંજૂરી આપવા બાબત, રખડતા પશુઓના માલિકાને ફટકારવામાં આવતા દંડની રકમમાં વધારો કરવા સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મનપાના કદ અને હદમાં થયેલા વધારાને પગલે મનપાના વધતા જતા આર્થિક ભારણને પહોંચી વળવા માટે આ બેઠકમાં ચર્ચાઓ થશે.

મનપામાં સ્થાયી સમિતિની આ બેઠકમાં વિકાસ કામોને લઈ પણ કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવશે. આ બેઠકમાં શહેરમાં વધતી જતી ફરિયાદોના નિવારણ માટે અમલી બનેલ તંત્રની કામગીરીની પણ સમીક્ષા કરાશે. શહેરમાં સ્વચ્છતા અને રખડતા પશુઓની ફરિયાદમાં વધારો થવા પામ્યો છે.

આ બેઠકમાં ટી.પી. સ્કીમોમાં પ્રાપ્ત થયેલા અંતિમ ખંડોના હદ-નિશાન લગાવી તેના પર તાર ફેન્સીંગ કરવા અંગે પણ નિર્ણય લેવામાં આવશે જેથી દબાણની સમસ્યા ઉદ્ભવે નહિ.

# શ્રી કડવા પાટીદાર સત્તાવીસ સમાજ ગાંધીનગરનું સ્નેહ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૭

આઝાદીના અમૃત મહોત્સવ



પ્રસંગે ફીટ ઈન્ડિયા અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને લક્ષમાં રાખી ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરા ખાતે શ્રી કડવા પાટીદાર સત્તાવીસ સમાજ ગાંધીનગરનું વાર્ષિક સ્નેહ સંમેલન યોજાયું. જેમાં ૫૦ કુટુંબોના ૧૫૦ કુટુંબ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય મહેમાન પ્રા. રમેશભાઈ પટેલે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવી ખેતીમાં જીવામૃતનો ઉપયોગ કરી ખેતી કરવાની હાકલ કરી હતી. ફીટ ઈન્ડિયાને લક્ષમાં રાખીને સમાજના યુવક-યુવતીઓને અને વડિલોને સંગીત ખુરશી, રસ્સા ખેંચ, ઊંધી દોડ જેવી રમતો શૈલેષભાઈ પટેલ અને તેજશભાઈ ઠાકરે રમાડી. આઝાદીના અમૃત મહોત્સવને ધ્યાનમાં રાખી ધોરણ-૧ થી ૫ માં, ધો. ૬ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા. જેમાં સરદાર પટેલ, મહાત્મા ગાંધી, ઝવેરચંદ મેઘાણી, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના જીવન પ્રસંગોનો સમાવેશ કરાયો હતો.

# સ્વાસ્થ્ય અને પર્યાવરણ જાગૃતિ માટે ૩૦૦ કિમીની સાયકલ યાત્રા

### એક જ દિવસમાં વડોદરાથી મહાત્મા મંદિર થઇને પરત વડોદરા સુધીની બે સાઇક્લિસ્ટોની સાયકલ યાત્રા : બે પૈકી એક સાઇક્લિસ્ટ ગાંધીનગરનો પૂર્વ વિદ્યાર્થી

ગાંધીનગર, તા. ૨૬

છેલ્લાં બે વર્ષથી કોરોના મહામારીના કારણે સ્વાસ્થ્ય અને પર્યાવરણ જાળવણી એક મહત્ત્વના આયામ તરીકે ઉભરી આવ્યાં છે. મહામારીના આ કપરા સમયગાળામાં નાગરિકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગૃત બને તેમજ પર્યાવરણના જતનને પણ વેગ મળે તે હેતુથી વડોદરાના બે સાઈક્લિસ્ટ આજે ગાંધીનગર સુધીની સાયકલ યાત્રાએ આવી પહોંચ્યાં હતાં. સુનિલ પટેલ અને શશિકાંત શર્મા નામના આ બંને સાઈક્લિસ્ટોએ વડોદરાથી ગાંધીનગર અને પરત વડોદરા સુધીની આશરે ૩૦૦ કિમીની સાઈકલયાત્રા આજે ખેડી હતી.

ભારતના નાગરિકો સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગૃત બને તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ "ફિટ ઈન્ડિયા" મૂવમેન્ટને અનુલક્ષીને સુનિલ પટેલ અને શશિકાંત શર્મા આજે પરોઢિયે ૪ વાગે વડોદરાના ઈલોરા પાર્કથી પોતાની સાઈકલ પર સવાર થઈને ગાંધીનગર તરફ આવવા નીકળ્યા હતા અને બપોરે મહાત્મા મંદિર પંહોચ્યાં હતા અને ભોજન વિરામ બાદ બંને સાઈક્લિસ્ટોએ સાયકલ પર જ પરત વડોદરા જવા ભણી પ્રયાણ કર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે બંન્ને સાઈક્લિસ્ટો પૈકી સુનિલ પટેલ ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલયના જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનનો પૂર્વ વિદ્યાર્થી છે અને હાલ તેઓ આણંદ વિદ્યાવિહાર ખાતે શિક્ષક હોવા ઉપરાંત શારીરિક શિક્ષણ વિભાગના વડા તરીકે સેવાઓ આપી રહ્યાં છે જ્યારે શશીકાંત શર્મા વડોદરાની યુનાઈટેડ સર્વે ઍન્ડ રિસર્ચ ઑર્ગેનાઈઝેશનના સીઈઓ છે.



વિવિધ માર્શલ આર્ટમાં બ્લેક બેલ્ટ ધરાવતા બન્ને સાઈકલિસ્ટો લાંબા સમયથી સાયકલીંગના શોખ સાથે સંકળાયેલા છે અને દરરોજ સરેરાશ ૪૦થી ૫૦કિમી અને રવિવાર કે રજાના દિવસે ૧૦૦થી ૧૫૦કિમી સાયકલિંગ કરે છે. આ ઉપરાંત તેઓ વિવિધ પર્યાવરણીય સેવાકીય પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલા છે જેમાં "સેવ ટાઈગર પ્રોજેક્ટ" અંતર્ગત વાઘની ગણતરી કરવા જવા ઉપરાંત સ્વચ્છતા અભિયાન, રક્તદાન કેમ્પ, જરૂરિયાતમંદોને પગરખા સહિતની ચીજવસ્તુઓનું વિતરણ કોરોના લોકડાઉનથી અત્યાર સુધી કુતરા-ગાય વગેરે જેવા અબોલ જીવોને ખવડાવવાં સહિતની સેવાઓનો સમાવેશ થાય છે.

## જાહેર નિવિદા નં.૨ સને ૨૦૨૧-૨૦૨૨

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૮, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બી બ્લોક, બીજો માળ, ગાંધીનગર, (ટેલીફોન નં.૦૭૯ ૨૩૨ ૫૬૦૩૨) ની કચેરીએથી અંદાજીત રકમ રૂ.૨.૮૮ લાખ અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૦, પાટનગર યોજના ભવન, સેકટર નં.૧૬, બી-બ્લોક, પ્રથમ માળ, ગાંધીનગર, (ટેલીફોન નં.૦૭૯ ૨૩૨૫૯૧૬૮) ની કચેરીએથી અંદાજીત કિંમત રૂા.૨.૫૩ લાખનાં એમ કુલ ૨(બે) કામનાં પાણી ગટર વેરાના બીલોની કોમ્પ્યુટરાઈઝ કામગીરી કરતા તથા બીલોનું ઘેરઘેર વિતરણ કરતા અનુભવી ઈજાદારશ્રીઓ પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા.૦૩-૦૧-૨૦૨૨ (૧૬ કલાક સુધી) રહેશે અને ભાવ ભરેલા ટેન્ડર રજી.પો.એડી/સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા.૧૧/૦૧/૨૦૨૨ છે. શક્ય હશે તો ભરાઈને પરત મળેલ ટેન્ડર તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ ૧૨-૦૦ કલાકે ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી ઉપરોક્ત જણાવેલ જે તે કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. જરૂર જણાયે ટેન્ડર અંગેની વધુ વિગતો માટે જાહેર રજાઓના દિવસો સિવાય કચેરીના કામકાજના દિવસો દરમ્યાન ઉપરોકત જે તે કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/૧૭૦૮/૨૧-૨૨

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
'ગુજરાત સરકારનું સાહસ'
જાહેર નિવિદા નંબર-૧૬ સને. ૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, માલપુર રોડ, મોડાસા, મોબાઈલ નં. ૯૯૭૮૪૦૬૬૧૬ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

| અ નં | કામની વિગત | અંદાજીત કિંમત રૂ. લાખમાં | કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા | ટેન્ડર આઈડી નં. | ભાવો ભરવાની છેલ્લી તા. |
|---|---|---|---|---|---|
| ૧. | એસ.કે.-૩ ભાગ-૧ અને ૨ યોજના તળ ભૂગર્ભ સંપ, પંપીંગ મશીનરી તથા આનુસાંગિક કામ. | ૪૯.૫૨ | 'ઈ-૧' કલાસ અને ઉપરના | ૪૯૬૬૯૦ | ૬/૧/૨૨ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગાની વધુ માહિતી વેબ www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા. પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તે ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

નામાનિ/હિંમત/૪૭૩/૨૦૨૧